**Government Arts College, Kaparada**
**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

# IKS


| Sr.no. | Year | Activities | Page no. |
|---|---|---|---|
| 1 | 2022-23 | Guru Vandana Programme | 2-4 |
| 2 | 2022-23 | Education Tour Ajanta and Ellora Cave | 5-8 |

Name of Activity : - Guru Vandana Programme

Date : - 22/7/2022

**Government Arts College, Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,

સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

---

GACK/2022/ગુરુપરંપરા/૪૧ DATE:22/07/2022

## "ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂ નું મહત્તવ" વિચાર ગોષ્ઠી અને ગુરૂ વંદના કાર્યક્રમનો અહેવાલ

તા.22/07/2022

સરકારી વિનયન કોલેજ, કપરાડામાં આજ રોજ "ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂ નું મહત્તવ" વિચાર ગોષ્ઠી અને ગુરૂ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી મહેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સર્વ પ્રથમ દીપ પ્રાગટ્ય કરીને વક્તાશ્રીનું કોલેજની N.S.S એમ્બેસેડર દ્વારા પુષ્પગૃચ્છ થી અને કોલેજના આચાર્યશ્રી દ્વારા પુસ્તક આપીને સ્વાગત કરવામાં આવ્યું. તેમજ ઉપસ્થિત તમામ ગુરુજનોને N.S.S ના સ્વયંસેવકો દ્વારા પુષ્પ આપી ચરણ સ્પર્શ કરી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ વક્તાશ્રી દ્વારા ગુરુવંદના સદર્ભે પોતાનું વક્તવ્ય રજુ કર્યું. જેમા વેદકાળથી લઈ આધુનિક સમાજમાં તાત્વિક ગુરુની જરૂરિયાત, માતા પિતા દ્વારા આપવામાં આવતું નૈતિક મુલ્યનું શિક્ષણ, ગુરૂકુળમાં અપાતુ સંસ્કારી મુલ્યો આધારિત શિક્ષણ થકી દેશ અને સમાજને ઉન્નત બનાવવા કેટલાક ક્રાન્તિવીરોની ગાથા, સમાજસેવકો તેમજ આધુનિક યુગ શિક્ષણથી વંચિત વિદ્યાર્થીઓની ઉન્નતી માટે પ્રયાસ કરવા પ્રેરણા આપી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી અનિશભાઈ સી ગામીત દ્વારા કરવામાં આવ્યું. અને આભાર વિધી ડૉ. મેઘના કે ધારણે દ્વારા કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમમાં કુલ 160 વિદ્યાર્થી ભાઈ-બહેનો અને તમામ સ્ટાફગણ હાજર રહ્યા. અંતે રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaprada, Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

3.4.3
incl

# GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,
## TA – KAPARADA, DIST – VALSAD

શૈક્ષણિક વર્ષ-2022-23

"ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂનું મહત્વ"
વિચાર ગોષ્ઠી અને "ગુરૂવંદના કાર્યક્રમ"

Date: 22/07/2022








Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,**
**TA – KAPARADA, DIST – VALSAD**
શૈક્ષણિક વર્ષ-2022-23
“ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂનું મહત્વ”
વિચાર ગોષ્ઠી અને “ગુરૂવંદના કાર્યક્રમ”

Date: 22/07/2022





Govt. Arts College-Kaprada

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Name of Activity : - Education Tour Ajanta and Ellora Cave

Date : - 08/02/2023 to 11/02/2023

## સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

## શૈક્ષણિક પ્રવાસ – ૨૦૨૨/23

Govt. [illegible] College, Kaparada
Inward No. : GACK/શૈ.પ્ર/2022-23/29
Date :

## અહેવાલ

તા:- ૨૦/૦૨/૨૦૨૩

સરકારી વિનયન કોલેજ , કપરાડા દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગ રૂપે શૈક્ષણિક પ્રવાસ સમિતિ દ્વારા આચાર્યશ્રીની પરવાનગી લઇ તા:- ૧૮/૦૧/૨૦૨૩ નાં રોજ નોટીસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગેની જાણ કરવામાં આવી. વિદ્યાર્થીઓનાં મંતવ્યો અનુસાર પ્રવાસના સ્થળો નક્કી કરવામાં આવ્યા. જેમાં મહારાષ્ટ્રના ઐતિહાસિક સ્થળો અજંતાની ગુફાઓ , ઈલોરાની ગુફાઓ , ધુસ્મેશ્વર જ્યોતિર્લિંગ , દોલતાબાદ , બીબી કા મકબરા તથા સાઈડ સીન વગેરે સ્થળો નક્કી કરવામાં આવ્યા. દરેક વિદ્યાર્થી દીઠ 2150/- રૂપિયા ઉઘરાવવામાં આવ્યા તથા બાકીનો વધારાનો ખર્ચ આવનાર અધ્યાપકોએ આપ્યો.

પ્રવાસની પ્રારંભિક તૈયારીના ભાગ રૂપે વિદ્યાર્થીઓની ટૂકડી પાડી આવનાર દરેક અધ્યાપકને વિવિધ જવાબદારી આપવામાં આવી. તા:- ૦૮/૦૨/૨૦૨૩નાં રોજ પ્રવાસ જવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટે નક્કી કરેલ ટ્રાવેલ્સ દ્વારા આર.ટી.ઓ. ની મંજૂરી તથા કોલેજ કક્ષાએ મંજૂરી અગાઉથી મેળવી લેવામાં આવી હતી.

આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ 51 વિદ્યાર્થીઓ , પ્રવાસ સમિતિના કોર્ડીનેટર શ્રી દિપક પટેલ , કો- કોર્ડીનેટર ડૉ.મેઘના ધારણે , સભ્યશ્રી સંદીપ ટંડેલ , કોલેજના વીઝીટીંગ લેક્ચરર શ્રી રમેશ જાદવ અને કોલેજના આઉટ સોર્સિંગ કર્મચારી શ્રીમતી અનિતાબેન ભોયા એમ કુલ ૫૬ વ્યક્તિઓ સામેલ થઇ.

તા:- ૦૮/૦૨/૨૦૨૩ નાં રોજ રાત્રે ૧૦ કલાકે ક્રિશ્ના ટ્રાવેલ્સ કોલેજ પરિસરમાં આવી. કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબની હાજરીમાં પૂજા અર્ચના કરવામાં આવી અને પછી ટ્રાવેલ્સ રવાના થઇ. તા:- 09/૦૨/૨૦૨૩ નાં રોજ સવારે 6 વાગ્યે અમે બાર જ્યોતિર્લિંગ પૈકીના એક એવા ધુસ્મેશ્વર મહાદેવ મંદિર પાસેની ધર્મશાળામાં પહોચ્યાં. જ્યાં અમો સર્વે સ્નાન ઈત્યાદી ક્રિયા પતાવી સવારે ૮ કલાકે ધુસ્મેશ્વર મહાદેવના દર્શનાર્થે પહોચ્યાં. જ્યાં સર્વે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ દર્શનનો લહાવો લીધો. મંદિરથી પરત ફરી અમોએ ધર્મશાળામાં ભોજન ગ્રહણ કર્યું. જ્યાંથી સવારે ૧૦ કલાકે અમો સૌ ટ્રાવેલ્સમાં બેસી વર્લ્ડ હેરિટેજ સ્થળ અજંતાની મુલાકાત લેવા રવાના થયા. અમારા રહેઠાણના સ્થળેથી અજંતાનું અંતર ૧૦૫ કિમી

Govt. Arts College-Kaparada * Dist.Valsad

હતું. બપોરે ૧ કલાકે અમો સૌ અજંતા પહોચ્યાં , જ્યાં વિદ્યાર્થીઓનાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરી સરકારી બસ દ્વારા ગુફા નજીક પહોચ્યાં . જ્યાંથી સૌ વિદ્યાર્થીઓની ટિકિટ લઇ અજંતાની ગુફા જોવાનો લહાવો લીધો. જ્યાં અમોને દરેક ગુફાનાં રચનાનાં સમય , ગુફા ચિત્રો તથા શિલ્પો વિશે ગાઈડ દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી. અજંતાની તમામ ગુફાઓ ભગવાન બુદ્ધને સમર્પિત છે. અજંતામાં કુલ ૨૯ ગુફાઓ છે. વિદ્યાર્થીઓ પ્રાચીન સમયની ગુફાઓ જોઇને ભાવ વિહોર થયા તથા તેને પોતાના કેમેરામાં કેદ કર્યા. કુલ 5 કલાક જેટલો સમય અમે સર્વેએ અજંતાની ગુફામાં વિતાવ્યો તથા ત્યાંના બજારમાં ખરીદી કરી. જ્યાંથી ફરી પાછા અમો સૌ અમારા રહેઠાણના સ્થળે જવા રવાના થયા. જ્યાં રાત્રે ૯ કલાકે પહોચી અમોએ રાત્રિનું ભોજન લીધું. ભોજન લીધા બાદ અમોએ અમને ફાળવેલ રૂમમાં રાત્રી રોકાણ કર્યું.

તા:- ૧૦/૦૨/૨૦૨૩ નાં રોજ સવારે સૌ વિદ્યાર્થીઓ પોતાનો નિત્યક્રમ પતાવી ચા નાસ્તો કર્યો. નાસ્તો કર્યા બાદ સૌ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વર્લ્ડ હેરિટેજ સ્થળ ઈલોરા જવા રવાના થયા , જે અમારા રહેઠાણનાં સ્થળેથી ૧ કિમીનાં અંતરે હોય અમો સૌ ચાલતા ઈલોરા ગુફા પાસે પહોચ્યાં. જ્યાં પહોચી પ્રવેશ અંગેની પ્રક્રિયા પૂરી કરી ઈલોરા ગુફા જોવા પ્રવેશ કર્યો. અહિ નક્કી કરેલ ગાઈડ શ્રી સંજયભાઈ પાટિલ દ્વારા ઈલોરા ગુફા વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ઈલોરામાં કુલ ૩૪ ગુફાઓ છે. જે બૌદ્ધ, હિંદુ તથા જૈન એમ ત્રણેય ધર્મોને સમર્પિત છે. ગુફા નં ૧૬ કૈલાસ મંદિર છે , જે એકજ શિલામાંથી કોતરવામાં આવેલ વિશાળ મંદિર છે. ગાઈડ દ્વારા મંદિરના ઈતિહાસ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ ઈલોરાની ગુફાઓના ઈતિહાસ વિષે માહિતી મેળવી અને ત્યાંના શિલ્પો તથા ચિત્રકલા પોતાના કેમેરામાં કેદ કર્યા. બપોરે ૧૨ વાગ્યે અમો સૌ અમારા રહેઠાણનાં સ્થળે પહોંચ્યા. જ્યાં અમો સર્વેએ બપોરનું ભોજન લીધું.

તા:- ૧૦/૦૨/૨૦૨૩ નાં રોજ બપોરનું ભોજન લઇ અમો સર્વે ટ્રાવેલ્સ દ્વારા દોલતાબાદ જવા રવાના થયા. બપોરે ૧ કલાકે અમો સર્વે દોલતાબાદ કિલ્લામાં પ્રવેશ્યા , પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ અમોએ શિરાજ શેખ નામના ગાઈડ ની સેવા મળી. જેમણે કિલ્લાના દરવાજાથી દોલાતાબાદના અજેય કિલ્લાનાં ઇતિહાસની વિસ્તૃત માહિતી આપી. દોલતાબાદ કિલ્લામાં સર્વે વિદ્યાર્થીઓએ તોપ મ્યુઝીયમ , આમ ખાસ મ્યુઝીયમ , રંગ મહેલ, ચાંદ મીનાર , વિશાળ તોપ , ભુલભૂલંયા વગેરેની મુલાકાત લીધી. તથા વિવિધ દ્રશ્યોને પોતાના કેમેરામાં કેદ કર્યા. કિલ્લાથી પરત નીચે આવ્યા બાદ અહીના બજારમાં સૌએ ખરીદી કરી અને પછી બીબી કા મકબરા જોવા રવાના થયા.

Govt. Arts College-Kaprada * Dist. Valsad

તાઃ- ૧૦/૦૨/૨૦૨૩ નાં રોજ સાંજે ૪ :૩૦ કલાકે સૌ ઔરંગાબાદમાં સ્થિત બીબી કા મકબરા પહોચ્યાં. જ્યાં ગાઈડ શ્રી મહમદ શેખ દ્વારા મકબરાના ઇતિહાસની વિસ્તૃત માહિતી મળી. આ મકબરો ઔરંગઝેબના પત્ની ને સમર્પિત છે. જે ઔરંગઝેબનાં પુત્ર દ્વારા બનાવવામાં આવેલ છે. જે મીની તાજમહેલ તરીકે પણ ઓળખાય છે. અહી વિદ્યાર્થીઓએ ૨ કલાક વિતાવ્યા તથા અહીના બજારમાં ખરીદીનો લહાવો લીધો. જ્યાંથી પરત સૌ રહેઠાણનાં સ્થળે આવ્યા અને રાત્રિનું ભોજન લીધું. ત્યાર બાદ ૧૦ વાગ્યે પરત કપરાડા ખાતે આવવા રવાના થયા. તાઃ- ૧૧/૦૨/૨૦૨૩ નાં રોજ સવારે ૬ વાગ્યે કપરાડા કોલેજ ખાતે આવ્યા.

સમગ્ર પ્રવાસ દરમિયાન બે દિવસ સવાર-સાંજ ભોજનની વ્યવસ્થા ટ્રાવેલ્સના માલિક શ્રી નવીનભાઈ દ્વારા કરવામાં આવી. ભોજનમાં વિદ્યાર્થીઓને ઘર જેવું ભોજન મળે તે માટે ચોખાના રોટલા સાથે શાક , દાળ-ભાત , તથા ગુલાબ જાંબુ પીરસવામાં આવ્યા હતા. જેના કારણે સમગ્ર પ્રવાસ દરમિયાન કોઈ પણ વિદ્યાર્થીને સમસ્યા થઇ નહિ અને પ્રવાસ ખુબ જ શાંતિથી પૂર્ણ થયો.

આ સમગ્ર પ્રવાસનું સંપૂર્ણ સંચાલન પ્રવાસ સમિતિના કોર્ડીનેટર શ્રી દિપકકુમાર વી. પટેલ , કો-કોર્ડીનેટર ડૉ.મેઘના ધારણે તથા પી.ટી.આઈ શ્રી સંદીપ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું તથા સમગ્ર શૈક્ષણીક પ્રવાસ કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો.

બિડાણ :-

(1) પ્રવાસ ખર્ચની માહિતી
(2) વિદ્યાર્થીઓની યાદી
(3) આર.ટી.ઓ પરમીટ
(4) ગાડીના ડોક્યુમેંટ્સ
(5) ફોટોગ્રાફ્સ

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

| કો- કોર્ડીનેટર | કોર્ડીનેટર | આચાર્યશ્રી |
| --- | --- | --- |
| ડૉ.મેઘના ધારણે | શ્રી દિપકકુમાર વી. પટેલ | સરકારી વિનયન કોલેજ , કપરાડા |

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



Education Tour Ajanta and Ellora Cave

